**RCS No. :42/2024.**

| GJRJ070018792024 | દાવો રજૂ થયા તારીખ | ૧૪/૧૦/૨૦૨૪ |
|---|---|---|
| | દાવો દાખલ તારીખ | ૧૪/૧૦/૨૦૨૪ |
| | દાવો નિકાલ થયા તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૧ ૦૫ ૧૬ |

**ભાયાવદરના મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની અદાલતમાં,**
**મુકામઃઉપલેટા, જિ.રાજકોટ.**

**રેગ્યુલર દીવાની દાવા નંબરઃ–૪૨/૨૦૨૪.**
**આંકઃ–૫૫**

**વાદીઃ–** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
રજી.ઓફીસ–વડોદરા
ડીવીઝન ઓફીસ–જામજોધપુર
સબ ડિવિઝન, જામજોધપુર(ઈસ્ટ).

**//વિરુદ્ધ//**

**પ્રતિવાદીઃ–** તિર્થરાજસિંહ હનુભાઈ ખોડુભા વાળા,
ધર્મે હિન્દુ, ઉં.વ.આ. પુખ્ત.
રહે.સાતવડી, તા.ઉપલેટા.

---

**<u>દાવોઃ– રૂા.૭,૨૨,૩૮૮–૪૯/– વસૂલ મળવા અંગે.</u>**

---

વાદી તરફે વિદ્વાન વકીલશ્રી કે.આર.રાણીંગા.
પ્રતિવાદી તરફે વિદ્વાન વકીલશ્રી એન.ડી.મુંગલપરા.

---

**// ચુકાદો //**

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, ગુજરાત ઈલેકટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ એકટ ૨૦૦૩ ના (રી–ઓર્ગેનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન) ના કાયદા અનુસાર ગુજરાત સરકારશ્રીના હુકમથી તા.૦૧/૦૪/૨૦૦૫ થી ગુજરાત વિધુત બોર્ડના સ્થાને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ વિગેરે કંપનીઓ તા.૦૧/૦૪/૨૦૦૫ થી

અસ્તિત્વમાં આવેલી છે. વાદી કંપની ધારાની જોગવાઈ અનુસાર અસ્તિત્વમાં આવેલી હોય જેથી કાયદા મુજબ "ગુજરાત વિધુત બોર્ડ"ની તમામ સતાઓ–લેણાઓ વિગેરે વસુલ કરવાની વાદી કંપનીને તમામ સતાઓ ટ્રાન્સફર કરેલ છે. "ગુજરાત વિધુત બોર્ડ" નુ લેણું વિગેરે વસુલ કરવાની સતા કાયદા મુજબ વાદી કંપનીને હોય જેથી દાવો દાખલ કરવામાં આવેલ છે. સબ ડીવીઝન જામજોધપુર(ઇસ્ટ) વાદી કંપનીની સબ ડીવીઝન ઓફીસ છે. દાવા અરજીમાં સહી કરનાર ડેપ્યુટી એન્જીનીયર પાસે વાદી કંપનીનો સબ ડીવીઝન જામજોધપુર(ઇસ્ટ)નો તમામ વહીવટ તેના હસ્તક છે જેથી કાયદા મુજબ દાવા અરજીમાં સહી કરવા સતા હોવાથી સહી કરેલ છે. વાદી કંપની હેઠળ જામજોધપુર વિભાગીય કચેરી, જામજોધપુર(ઇસ્ટ) ઓફીસો આવેલી છે. ઉપલેટા તાલુકાનું સાતવડી ગામ વાદી કંપનીની વિભાગીય કચેરી જામજોધપુર (ઈસ્ટ) ના તાબા હેઠળ આવે છે. આ કામના પ્રતિવાદીની ખેતીવાડીની જમીન ઉપલેટા તાલુકાના સાતવડી ગામની હદમાં આવેલ છે. આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીનું ગેરકાયદેસર વિજ કનેકશન ઉપયોગ કરેલ છે. વાદી કંપનીના અધિકારીઓ દ્વારા તા. ૧૨/૦૪/૨૦૨૩ ના રોજ ચેકીંગ સમયે પ્રતિવાદીના ઉપરોક્ત દર્શાવેલ ખેતીવાડીની જમીનમાં વિજ ચેકીંગની તપાસ હાથ ધરતા પ્રતિવાદીએ સીમેન્ટના થાંભલા નંબર MAN/સંગચીરોડ JGY/52/R–2, 11 kv સંગચીરોડાJGY ફીડરમાંથી ગેરકાયદેસર રીતે PVC પાઈપ સાથે ગેરકાયદેસર બિનઅધિકૃત પ્રાઈવેટ ટ્રાન્સફોર્મર 63 KVA, WESTERN કંપની સીન. 36 ર જોડી તેના (T–સ્ટડમાંથી એક ગેરકાયદેસર બિનઅધિકૃત કાળા કલરનો 16 $mim^2$ 3a 4–core એલ્યુમીનીયમ લંગર આશરે 100 mtr જોડી લાકડાના પાટીયા પરનાં ત્રણ ફ્યુઝ દ્વારા સ્ટાર્ટર બોર્ડ દ્વારા બોરમાં ઉતારેલ મોટર કે જેને કલીપઓન વડે માપતા વોલ્ટેજ અને એમ્પીયરની ગણતરી કરતા 20.0 HP ની મોટર સબમર્શીબલ દ્વારા વિજચોરી કરતા માલુમ પડેલ છે. આમ વિજચોરી

સબબ સદર સ્થળ પરથી લંગર વાયર કાળા કલરનો આશરે 25 mitr એલ્યુમીનીયમ કબજે લીધેલ છે. બાકીનો કેબલ ઝાડી ઝાંખરામાં હોય જેથી કબજે લઈ શકાયેલ નથી. તેમજ લાકડાના પાટીયા પરના ફ્યુઝ સ્ટાર્ટર બોર્ડ નંગ ૧, કબજે લીધેલ છે તથા 63 KVA ટ્રાન્સફોર્મેર નંગ ૧, બે પૈડાની લોખંડની ગાડી સાથે, તેમજ PVC પાઈપ સાથે ૩ અલગ 25 mm ના કોપરના ટુકડા આશરે 8 mtr સ્થળ પરથી કબજે લીધેલ છે. આમ, પ્રતિવાદી વિજ ચોરી કરતા પકડાયેલ છે. આ કામના પ્રતિવાદીને ડાયરેકટ પાવર ચોરી અન્વયે વાદી કંપની તરફથી વીજ ચોરી બીલની લેણી નિકળતી રકમ રૂા. ૬,૦૯,૦૪૮-૪૬/- તથા વિલંબીત ચાર્જ તથા કંપાઉન્ડીંગ ચાર્જની રકમ રૂા. ૨૦,૦૦૦/- એક મળી કુલ રકમ રૂા. ૬,૨૬,૦૪૮-૪૬/- તથા તેના પર થતું નિયમ મુજબનું વ્યાજ વાદી કંપની પ્રતિવાદી પાસેથી મેળવવા હક્કદર છે. સદરહું રકમ રૂા. ૬,૨૬,૦૪૮-૪૬/- પ્રતિવાદી પાસેથી મેળવવા વાદીએ અનેક વખત લેખીત રજુઆત કરવા છતા પ્રતિવાદીએ સદરહું રકમ રૂા. ૬,૨૬,૦૪૮-૪૯ વાદી કંપનીને ચુકવેલ ન હોય જેથી વાદી કંપનીએ તા. ૨૦/૧૨/૨૦૨૩ ના રોજ પ્રતિવાદીને લીગલ નોટીસ મુજબની રકમ ભરપાઈ કરવા જાણ કરેલ. પ્રતિવાદીને મોકલેલ પત્રો તથા લીગલ નોટીસ મળી ગયેલ હોવા છતા આજરોજ સુધી વ્યાજ સહિતની થતી વાદી કંપની કુલ લેણી રકમ રૂા. ૭,૨૨,૩૮૮-૪૯/- ચુકવેલ નથી. રકમ રૂા. ૭,૨૨,૩૮૮-૪૯/- વાદી કંપની કાયદા મુજબ પ્રતિવાદી પાસે વસુલ મેળવવા હક્કદાર છે. પ્રતિવાદીઓ પાસે વાદીએ સદરહું લેણી રકમની લેખીતમાં માંગણી કરવા પત્રો તથા નોટીસ મોકલેલ છતાં લેણી રકમ પ્રતિવાદીએ વસુલ આપેલ ન હોય જેથી સદરહું રકમ ભરપાઈ કરવા પ્રતિવાદીઓ જવાબદાર થતા હોય જેથી આ દાવો લાવવાની જરૂરત પડેલ છે.

<u>વાદીપક્ષે દાવા અરજીમાં માંગેલ દાદઃ-</u>

- ઉપર લખ્યા મુજબની કુલ રકમ રૂા.૭,૨૨,૩૮૮–૪૯/– આ તારીખથી ૧૫% ના ચડત વ્યાજે એકી રકમે આ કામના પ્રતિવાદીની જાત, જંગમ તથા સ્થાવર મિલકતમાંથી વાદી કંપની વસુલ મેળવી શકે તેવું વાદી કંપનીના લાભમાં હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.
- અગર આ દાવામાં અપાવી શકાય તેવી બીજી હરકોઈ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) <u>પ્રતિવાદીપક્ષના પ્રત્યુત્તરની ટૂંકમાં હકીકતઃ–</u>

ત્યારબાદ આ કામે પ્રતિવાદીને દાવાનું સમન્સ બજી જતાં પ્રતિવાદી તેમના વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થઈ આંક–૮ થી દાવા અરજીનો જવાબ આપેલ છે. જેમાં તેઓએ વાદીના દાવા અરજીની હકીકતોનો મહદઅંશે ઇન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે. વાદીએ અપુરતી કોર્ટ ફી ચોડેલ છે. જેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩) વાદી કંપની દ્વારા આ દાવાના કામમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખવામાં આવેલ છે.

| અનુ. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૨૪ | વાદીનું સરતપાસનું સોગંદનામું. |
| ૨ | ૨૬ | સ્થળ રોજકામ |
| ૩ | ૨૭ | સ્થળ પરનો નકશો |
| ૪ | ૨૮ | ચેકીંગ શીટ(એનેક્ષર–૨) |
| ૫ | ૨૯ | એનેક્ષર–૪ |
| ૬ | ૩૦,૩૧ | ગેટ પાસ |
| ૭ | ૩૨ | સ્થળ રોજકામ |
| ૮ | ૩૩ | પ્રમાણપત્ર |
| ૯ | ૩૪ | ક્રેડીટ નોટ |
| ૧૦ | ૩૫ | એફ.આઇ.આર. નોંધવા પત્ર |

| | | |
|---|---|---|
| ૧૧ | ૩૬ | એફ.આઇ.આર. |
| ૧૨ | ૩૭ | પુરવણી બીલ |
| ૧૩ | ૩૮ | પોસ્ટની રજી.એડી. પહોંચ |
| ૧૪ | ૩૯ | પુરવણી બીલ |
| ૧૫ | ૪૦ | કંપાઉન્ડીંગ ચાર્જ બીલ |
| ૧૬ | ૪૧ | પુરવણી બીલ ચાર્જ સહિત |
| ૧૭ | ૪૨ | પરિશિષ્ટ–સી |
| ૧૮ | ૪૩ | અંતિમ નોટીસ |
| ૧૯ | ૪૪ | લીગલ નોટીસ |
| ૨૦ | ૪૫ | એકનોલેજમેન્ટી સ્લીપ |
| ૨૧ | ૪૬ | પરફોર્મા નં.૧૨ |
| ૨૨ | ૪૭ | ડીપીસી શીટ |
| ૨૩ | ૪૮, ૪૯ | દાવો કરવા અંગેના પાવર આપવાનો પત્ર |
| ૨૪ | ૫૦ | ફોટોગ્રાફ્સ |
| ૨૫ | ૫૨ | સીરીશકુમાર નસરવાનભાઇ પટેલ |

સદરહુ કામે વાદી તરફે આંક–૫૩ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ થયેલ છે.

(૪) ત્યાર બાદ આ કામના પ્રતિવાદી તરફે સદર કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવો ન હોય આંક–૫૪ થી કલોઝિંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) આ કામે દાવાના નિર્ણય અર્થે આંક–૯ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

1. Whether the plaintiff proves facts as per their plaint.
2. Whether the defendant proves that this Court has no Jurisdiction to enterin this suit.
3. Whether the plaintiff is entitled to get interest. If yes, At what rate?

4. Whether the plaintiff is entitled to get the relief as prayed for in paragraph No.6 of the plaint.

5. What order and decree?

(૫.૧) ઉપરોક્ત મુદ્દા સંદર્ભેનાં તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. હકારમાં

૩. નકારમાં

૪. નકારમાં

૫. આખરી હુકમ મુજબ.

(૬) આ કામે વાદીપક્ષે એવી દલીલ કરી એવી રજુઆત કરેલ છે કે, આ કામના વાદીએ પુરતા દસ્તાવેજી આધારો તથા જુબાનીથી આ કામના પ્રતિવાદી અનઅધિકૃત રીતે પાવર ચોરી કરતા હોવાનુ સાબીત કરેલ હોય આ કામના પ્રતિવાદી પાસેથી રૂ.૭,૨૨,૩૮૮-૪૯/- વસુલ મેળવવા હક્કદાર બનતા હોય વાદીનો દાવો મંજુર કરવા નમ્ર અરજ કરેલ છે.

(૬.૧) ત્યાર બાદ આ કામના પ્રતિવાદીપક્ષે દલીલ કરેલ છે કે, આ કામના વાદી તરફથી આપેલ નોટીસ ગેરકાયદેસરની અને પાયાવિહોણી હોય તેથી વાદી કંપની પ્રતિવાદી પાસે કોઇ કાયદેસરનુ લેણું માંગવા હક્કદાર બનતા નથી. વધુમાં, આ કામના પ્રતિવાદીએ એવી રજુઆત કરેલ છે કે, વાદીપક્ષ દ્વારા ચેકીંગ વાળા સ્થળની માલિકી કબ્જા ભોગવટા અંગે કોઇ રેવન્યુ રેકર્ડ તેઓએ દાવા સાથે રજુ રાખવામાં આવેલ નથી, તેમજ મિલકત અંગેનો આધાર રજુ કરવામાં આવેલ નથી. તેમજ સદર કામે વાદીપક્ષ દ્વારા ચેકીંગવાળી જમીન હનુભા ખોડુદાસના નામની આવેલ છે. વધુમાં, વાદીપક્ષ દ્વારા સદર ચેકીંગવાળા સ્થળ પર હાજર કોઇ વ્યકિતના નિવેદન નોંધવામાં આવેલ નથી. જેથી વાદીનો દાવો ખર્ચ સહીત નામંજુર કરવા અરજ કરેલ છે.

## //કારણો//

(૭) આ કામે ઘડવામાં આવેલ મુદ્દા અન્વયે પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન કરતા પહેલા પુરાવાના મુલ્યાંકનના સિદ્ધાંતો ધ્યાને લેતાં જે હકીકત પ્લીડીંગ એટલે કે દાવા અરજી અને દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે હકીકતનો પુરાવો ધ્યાને લઈ શકાય નહિ. ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈ તથા સી.પી.સી.ની જોગવાઈ ધ્યાને લેતાં, વાદી કે પ્રતિવાદીએ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે અંગેનો પુરાવો આવે તો પણ પ્લીડીંગમાં તેનો આધાર ન હોય તે હકીકત ઉપર આધાર રાખી નહિ.

ભારતીય પુરાવા અધિનિયમના પ્રકરણ–૭માં કલમ–૧૦૧માં સાબિતીના બોજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં, નીચે મુજબ છે.

> ``કલમ–૧૦૧:– કોઈપણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનૂની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે. તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યકિત પર સાબિતીનો બોજો છે.``

ઉપરોકત કલમ વંચાણે લેતાં, વાદીના દાવાની કોઈ બાબતો અંગે જયારે પ્રતિવાદીએ વિધાનો વિરુદ્ધ કબૂલ કર્યા હોય ત્યારે તેવી બાબતો વાદી દ્વારા હકારાત્મક રીતે પુરવાર કરવી પડે. જો વાદી આવી હકીકત હકારાત્મક પુરાવાથી પુરવાર કરી શકે તો તે વિપરીત સાબિત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર ખસે છે. નામદાર સુપ્રિમ કોર્ટ અનિલભાઈ ઋષિભાઈ વિ. ગુરૂબક્ષસિ એ.આઈ.આર.૨૦૦૬ સુ.કો.૧૯૭૧ના ચુકાદામાં ઠરાવેલ છે કે, કલમ–૧૦૧નો પ્રાથમિક નિયમ અપરિવર્તશીલ અને આ આરંભિક બોજો હંમેશા સ્વાદીના શીરે

છે અને જો તેનું તે પાલન કરે અને પોતાના દાવાની દાદ માટે પોતે હક્કદાર હોવાનું સાબિત કરે ત્યારે તેથી વિપરીત સાબિત કરવાનો બોજો પ્રતિવાદી તરફ ખસે છે. આવા સંજોગોમાં પુરાવાનો બોજો તબદીલ થાય છે. આમ, ઉપરોકત ઠરાવવામા આવેલ સિદ્ધાંતો તથા કેસ હકીકતને ધ્યાને લઈને આ દાવાના પુરાવાની આગળ ઉપર ચર્ચા કરવામાં આવેલ છે.

(૮) <u>મુદ્દા નં.૦૨ની ચર્ચા.</u>

સદરહુ કામે મુદ્દા નં.૨ની ચર્ચા પ્રથમ કરવાનું યોગ્ય જણાતું હોય, તેથી આ કામે મુદ્દા નં.૨ની ચર્ચા પ્રથમ કરવામાં આવેલ છે. સદરહુ મુદ્દો સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદીપક્ષ પર રહેલી છે. હાલના કામે પ્રતિવાદી દ્વારા દાવા અરજીનો વાંધા જવાબ આંક-૮ થી રજુ થયેલ છે તથા પ્રતિવાદી તરફે વાદી તથા વાદી તરફેના સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. પ્રતિવાદીએ તેઓના જવાબમાં જણાવેલ છે કે, વાદી કંપની લીમીટેડ કંપની હોય જેથી આ દાવો સાંભળવા અદાલતને હકુમત નથી. જે અનુસંધાને વાદીની આંક-૨૪ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો, સરતપાસમાં વાદીએ જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદીને ડાયરેકટ પાવર ચોરી અન્વયે વાદી કંપની તરફથી વીજચોરી બીલની લેણી નીકળતી રકમ રૂ.૬,૦૬,૦૪૮-૪૬/- તથા વિલંબીત ચાર્જ તથા કંપાઉન્ડીંગ ચાર્જની રકમ રૂ.૨૦,૦૦૦/- એમ મળી કુલ રકમ રૂ.૬,૨૬,૦૪૮-૪૬/- તથા તેના પર થતુ નિયમ મુજબનુ વ્યાજ વાદી કંપની પ્રતિવાદી પાસેથી મેળવવા હક્કદાર છે. આ હકીકતના અનુસંધાને આંક-૩૫, આંક-૩૬ થી રજુ ડોક્યુમેન્ટસ કે જે અનુક્રમે એફ.આઈ.આર. નોંધવા માટેનો પત્ર તથા એફ.આઈ.આર. છે તે ધ્યાને લેતાં જણાય આવે છે કે, વાદી દ્વારા આક્ષેપીત વિજ ચોરી અંગે પ્રતિવાદી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે. જે હકીકત વાદી તરફે આંક-૫૨ થી સોંગદ પર તપાસેલ સાહેદ સીરીશકુમાર

નસરવાનભાઇ પટેલનાઓએ પણ જણાવેલ છે. આમ, હાલના કામના પ્રતિવાદી સામે ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબ પાવરચોરી અંગે એફ.આઇ.આર. થયેલ છે અને તે અનુસંધાને ક્રિમીનલ કેસ નામ.સ્પેશયલ કોર્ટમાં પેન્ડીંગ છે તે હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર ફલીત થાય છે. આથી આ કામે વીજળી અધિનિયમની કલમ–૧૩૫ની જોગવાઇઓ ધ્યાનમાં લેવી જરૂરી છે.

(૮.૧)વીજ અધિનિયમની કલમ–૧૩૫ મુજબની જોગવાઇ અને કાર્યવાહી વિશે ચર્ચા કરતાં–કાયદાની જોગવાઇ મુજબ જો કોઈ વ્યક્તિ વીજ ચોરી કરતા પકડાય તો, તેને વીજ અધિનિયમની કલમ–૧૩૫ મુજબ જે તે વ્યક્તિ વિરુદ્ધ કલમ–૧૩૫(૧–એ) મુજબ ૨૪ કલાકમાં એફ.આઈ.આર. દાખલ કરાવવાની હોય છે. અને તે લેખિત ફરિયાદના આધારે જે તે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતાં તેનું કોગ્નિઝન્સ નામદાર સ્પેશિયલ કોર્ટ દ્વારા લઈ સબબ વીજ અધિનિયમની કલમ–૧૩૫ મુજબ પુરાવાને આધીન કરે છે અને જો આરોપીએ વીજ ચોરી કરેલ છે તેવું ઠરાવવામાં આવે તો તેને દંડ અથવા સજા અથવા બંને કરવામાં આવે છે. દંડ નક્કી કરતી વખતે વીજ કંપની દ્વારા જે નુકશાન થયેલ છે તે નિયમાનુસાર આકારણી કરી બીલની રકમ રજૂ કરવામાં આવે છે જે રકમને નામદાર સ્પેશિયલ કોર્ટ દંડ તરીકે અથવા સિવિલ લાયબિલિટી તરીકે આરોપીને ભરવા માટે હુકમ કરે છે અને એવી રીતે નક્કી કરેલી દીવાની જવાબદારીની રકમ, જાણે કે દીવાની કોર્ટનું હુકમનામું હોય તેમ વસૂલ કરવામાં આવશે. તે વિશે વીજ અધિનિયમની કલમ–૧૩૫ મુજબની કલમ મુજબ ૩ વર્ષ સુધીની સજા અથવા દંડ અથવા બંને મુજબની સજા છે. કલમ–૧૩૫(૧)એ મુજબ જયારે વીજ ચોરી પકડાય ત્યારે તુરંત જ અધિકૃત વ્યક્તિ દ્વારા વીજ સપ્લાય બંધ કરવાનો રહે છે. તથા જે તે અધિકૃત વ્યક્તિ લેખિતમાં આવી ફરિયાદ નજીકમાં પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાકમાં કરવાની રહેશે.

(૮.૨) વધુમાં વીજ અધિનિયમની જોગવાઈઓ જોતાં, સબબ કામે ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમ–૧૫૩માં ખાસ કોર્ટની રચના અંગેની જોગવાઈ છે જેમાં જણાવેલ છે કે, રાજય સરકાર કલમ–૧૩૫થી ૧૩૯માં ઉલ્લેખ ગુનાની ઝડપી અમલની જોગવાઈ કરવાના હેતું માટે સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને જાહેરનામામાં નિર્દીષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર અથવા વિસ્તારો માટે જરૂરી હોય તેટલી ખાસ કોર્ટોની રચના કરી શકશે. દરેક જિલ્લાના એડિશનલ ડિસ્ટ્રિકટ અને સેશન્સ જજ કલમ–૧૩૫થી ૧૩૯ માટે ઝડપી ટ્રાયલ માટે નિમણુંક કરેલ છે. ખાસ કોર્ટ, વીજ અધિયનિયમની કલમ–૧૩૫ મુજબ વીજ ચોરીનો કેસ ચલાવી જો વીજ ચોરી સાબિત થાય તો, વીજ ચોરી શોધ્યાની તારીખથી અગાઉના બાર મહિના સુધી અથવા તો ચોરીની ચોક્કસ મુદ્દત નક્કી કરવામાં આવે તો તે મુદ્દત, એ બેમાંથી ઓછી હોય તે માટે લાગુ પડતા ટેરીફ દરોના બે ગણા બરાબરની રકમ કરતા ઓછી ના હોય તેવી વીજ ચોરી કરવા માટે નાણાના સ્વરૂપમાં ગ્રાહક સામે અથવા વ્યક્તિની સામે દીવાની જવાબદારી નક્કી કરી શકશે. અને એવી રીતે નક્કી કરેલી દીવાની જવાબદારીની રકમ, જાણે કે દીવાની કોર્ટનું હુકમનામું હોય તેમ વસૂલ કરવામાં આવશે.

(૮.૩) આમ, કાયદા મુજબ સ્પેશિયલ કોર્ટ દ્વારા કલમ–૧૩૫માં આરોપીને પુરાવાના આધારે જો તકસીરવાર ઠેરવે તો તે તબક્કે વાદી કંપનીએ પોતાની ગણતરી મુજબનું બીલ રજૂ કરીને તે જે રકમ આરોપી પાસેથી મેળવવા સ્પેશિયલ કોર્ટને દીવાની જવાબદારી નક્કી કરવા માટે રજૂઆત કરવાની છે. કારણ કે, દીવાની જવાબદારી નક્કી કરવાની સત્તા સ્પેશિયલ કોર્ટની પાસે છે. <u>જયારે વાદી કંપનીએ સ્પેશિયલ કોર્ટની ઉપર વટ જઈને વીજ ચોરીનો ગુનો સાબિત થાય તે પહેલા આવા બીલની આકારણી કરીને નોટિસ આપીને બીલ વસૂલવાની તજવીજ શરૂ કરી સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરેલ છે.</u> <u>વીજ ચોરીના કેસમાં દંડ કરવાની અને સિવિલ લાયબિલિટી ક્રિમિનલ કેસના અંતે</u>

<u>નક્કી કરવાની સત્તા નામદાર સ્પેશિયલ કોર્ટ પાસે છે.</u> તે માટે વીજ અધિનિયમની કલમ ૧૫૪(૫) જોવી જરૂરી છે.

*154. <u>(Procedure and power of Special Court).---</u>*

*(1) Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973, every offence punishable under [2 Sections 135 to 140 and section 150) shall be triable only by the Special Court within whose jurisdiction such offence has been committed.*

*(2) Where it appears to any court in the course of any inquiry or trial that an offence punishable under Sections 135 to 139 in respect of any offence that the case is one which is triable by a Special Court constituted under this Act for the area in which such case has arisen, it shall transfer such case to*

*<u>such Special Court, and thereupon such case shall be tried and disposed of by such Special Court in accordance with the provisions of this Act:</u>*

*Provided that it shall be lawful for such Special Court to act on the evidence, if any, recorded by any court in the case of presence of the accused before the transfer of the case to any Special Court:*

*Provided further that if such Special Court is of opinion that further examination, cross-examination and re-examination of any of the witnesses whose evidence has already been recorded, is required in the interest of justice, it may re-summon any such witness and after such further examination, cross examination or re-examination, if any, as it may permit, the witness shall be discharged.*

(3) *The Special Court may, notwithstanding anything contained in subsection (1) of section 260 or section 262 of the Code of Criminal Procedure, 1973, try the offence referred to in Sections 135 to 139 in a summary way in accordance with the procedure prescribed in the said Code and the provisions of sections 263 to 265 of the said Code shall, so far as may be, apply to such trial:*

*Provided that where in the course of a summary trial under this subsection, it appears to the Special Court that the nature of the case is such that it is undesirable to try such case in summary way, the Special Court shall recall any witness who may have been examined and proceed to re-hear the case in the manner provided by the provisions of the said Code for the trial of such offence:*

*Provided further that in the case of any conviction in a summary trial under this section, it shall be lawful for a Special Court to pass a sentence of imprisonment for a term not exceeding five years.*

(4) *A Special Court may, with a view to obtaining the evidence of any person supposed to have been directly or indirectly concerned in or privy to, any offence tender pardon to such person on condition of his making a full and true disclosure of the circumstances within his knowledge relating to the offence and to every other person concerned whether as principal or abettor in the commission thereof, and any pardon so tender shall, for the purposes of section 308 of the Code of Criminal*

*Procedure, 1973, be deemed to have been tendered under section 307 thereof.*

***(5)*** ***The Special court shall determine the civil liability against a consumer or a person in terms of money for theft of energy which shall not be less than an amount equivalent to two times of the tariff rate applicable for a period of twelve months preceding the date of detection of theft of energy or the exact period of theft if determined whichever is less and the amount of civil liability so determined shall be recovered as if it were a decree of civil court***

***(6)*** ***In case the civil liability so determined finally by the Special Court is less than the amount deposited by the consumer or the person, the excess amount so deposited by the consumer or the person, to the Board or licensee or the concerned person, as the case may be, shall be refunded by the Board or licensee or the concerned person, as the case may be, within a fortnight from thedate of communication of the order of the Special Court together with interest at the prevailing Reserve Bank of India prime lending rate for the period from the date of such deposit till the date of payment.***

*Explanation. - For the purposes of this section, "civil liability" means loss or damage incurred by the Board or licensee or the concerned person, as the case may be, due to the commission of an offence referred to in Sections 135 to 140 and Section 150."*

(૮.૪) આ કામે નામદાર સ્પેશિયલ કોર્ટ દ્વારા જ ૧૫૪(૫) મુજબની સિવિલ લાયબિલિટી ક્રિમિનલ કેસમાં તકસીવાર ઠરાવતા નિર્ણિત કરવાની હોય છે તે અંગેના ચુકાદા નીચે મુજબ છે.

આ તબ્બકે નામદાર ગુજરાત હાઈકોર્ટનું આ જજમેન્ટ ટાંકવું અતિ મહત્ત્વનું છે. જે નીચે મુજબ છે. જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા સ્પેશિયલ કોર્ટ દ્વારા સિવિલ લાયાબિલિટી નક્કી કરવાના પાવર છે તેની ચર્ચા કરેલ છે. જે મુજબ કલમ–૧૩૫ની ફરિયાદના કેસમાં કરવાની રહે છે.

*Gujarat High Court:- Bahuchar Stone Industries Prop. vs State Of Gujarat on 26 February, 2021.*

*``Para (6) In case the civil liability so determined finally by the Special Court is less than the amount deposited by the consumer or the person, the excess amount so deposited by the consumer or the person, to the Board or licensee or the concerned person, as the case may be, shall be refunded by the Board or licensee or the concerned person, as the case may be, within a fortnight from the date of communication of the order of the Special Court together with interest at the prevailing Reserve Bank of India prime lending rate for the period from the date of such deposit till the date of payment.*

*Explanation. For the purposes of this section, "Civil Liability" means loss or damage incurred by the Board or licensee or the concerned person, as the case may be, due to the commission of an offence referred to in [Sections 135 to 140 and section 150]."*

*From the provisions contained in Section 154(5) of the Act, it is clear that the said provision gives the Special Court jurisdiction to determine any dispute regarding*

*the quantum, of civil liability in theft cases, therefore, the consumer intending to challenge the quantum of civil liability in theft cases (whether or not, he disputes the allegations of theft) is still entitled to make such a challenge to the disputed bill to the Special Court.*

*6. At this stage, this Court would like to refer to the decision rendered by the Division Bench of this Court in the case of Torrent Power AEC Ltd. (supra). wherein this Court has considered the various provisions contained in the Act and observed and held in paragraph 5.3, 15.3 and 15.7 as under:*

*"5.3 xxxxx Section 154 provides that the offences punishable under Secs.135 to 139 of the Act shall be triable only by the Special Court within whose jurisdiction such offence has been committed. The offence is to be tried in a summary way. Sub-section (5) of Sec.154 also empowers the Special Court to determine the civil liability against a consumer or a person in terms of money for theft of energy which shall be at least two times the amount as per the tariff rate applicable for a period of twelve months preceding the date of detection of theft of energy or the exact period of theft, if determined, whichever is less. The amount of civil liability so determined shall be recovered as if it were a decree of the Civil Court. Sub-section (6) also provides that in case the civil liability so determined finally by the Special Court is less than the amount deposited by the consumer or the person liable, the excess amount deposited by the consumer or the person*

*liable shall be refunded with interest at the prevailing Bank rate.*

*15.3 There is nothing to indicate that the power and jurisdiction conferred on the Special Court under Sub-section(5) of Section 154 is conditional upon the licensee filing a complaint before the Special Court under Section 151 of the new Act. In fact while the provisions relating to offences and penalties from Sections 135 to 139 are to be found in Part XIV of the new Act, and Section 151 in the same Part provides that cognizance of an offence under those sections can be taken only at the instance of the Government, the Commission or the licensee, the provisions relating to the Special Court are to be found in a separate part being Part XV of the Act. Since the power to try offences punishable under Sections 135 to 139 is conferred exclusively on the Special Court constituted under Section 153 of the Act and the provisions of Sub-section(5) of Section 154 specifically invest the Special Court with the jurisdiction to determine any dispute regarding the quantum of civil liability in theft cases, we are clearly of the view that a consumer intending to challenge the quantum of civil liability in theft cases (whether or not he disputes the allegation of theft) is still entitled to make such a challenge to the disputed bill before the Special Court, even in cases where no criminal complaint is filed against the consumer. The doubt, if any, is removed by Resolution 7.6.7 in the Gujarat Electricity Supply Code.*

*15.7 Thus, although Sections 153 and 155 and Sub-sections (1) to (4) of Section 154 may give an impression that a Special Court is merely a Criminal Court set up to try offences, the provisions of Sub-sections (5) and (6) of Section 154 and Sections 156 and 157 unmistakably show that the Special Court has adequate powers to do what the Civil Court could normally do in a civil suit that its orders have the same efficacy, recognition and binding effect as the decree of a Civil Court. Thus principle (1) laid down by the Apex Court is satisfied.*

*Sub-section(5) of Section 154 also creates a special civil liability of the amount equivalent to two times of the tariff rate applicable for a period of twelve months preceding the date of detection of theft of energy. The provisions of appeal, revision and review also satisfy the test laid down by the Apex Court as contained in principle 2 whether remedies normally associated with actions in civil courts are prescribed by the statute or not."*

(૮.૫) ટોરેન્ટ પાવર વી. ગાયત્રી ઇન્ટરમીડિએટ લી, ૧૩ એપ્રિલ ૨૦૦૮ના રોજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા નિર્ણિત થયેલ છે. અને તે ચુકાદામાં પેરા–૨૧માં માર્ગદર્શિકા જાહેર કરેલ છે. જે નીચે મુજબ છે. જેમાં પારા–૨૧(૪) અને ૨૧(૭) ખૂબ જ મહત્ત્વના છે. જેમાં સિવિલ કોર્ટના જ્યુરિસ્ડિક્શન અંગે જણાવેલ છે. અને તેની સાથે પારા–૧૬ પણ ટાંકેલ છે. જેમાં સ્પેશિયલ કોર્ટ દ્વારા જ સિવિલ લાયબિલિટી નક્કી કરવાની છે. તેવું ઠરાવેલ છે.

*"Torrent Power Aec Ltd. vs. Gayatri Intermediates Pvt. Ltd. The High Court of Gujarat held that "The special court constituted under*

*Section 153 or sub-section (5) of section 154 is being empowered to decide the quantum of civil liability in the case of power theft".*

Para 21. To sum up then, our conclusions are as under:

(i) The Electricity Act, 2003 (except Section 121) was brought into force by the Central Government on 10th June 2003, but in the State of Page 1326 Gujarat, its provisions came to be applied with effect from 10th December 2003. [Para 19.1]

(ii) Although the terms of licence issued in favour of the AEC and the GEB under the Indian Electricity Act, 1910 and Electricity (Supply) Act, 1948 and the Conditions of Supply and Miscellaneous Charges framed by the said licensees under the said Acts continued to be operative till 9.12.2004, thereafter with effect from 10.12.2004, the distribution licences in favour of those licensees continue to operate subject to their being in accordance with the provisions of the Electricity Act, 2003. [Paras 19.3 and 20.2]

(iii) Challenge to the legality of the Central Government order dated sth June 2005 removing difficulties with reference to the powers of the State Electricity Regulatory Commission under Section 50 of the Act and to the subsequent amendment dated 14th December 2005 to Regulation (Section) 7.6.5 of the Gujarat State Electricity Supply Code is turned down. [Para 14]

(iv) The Electricity Act, 2003 read with the Central Government order dated 8th June 2005 and the State Electricity Supply Code framed under Section 50 of the Act as amended with effect from 14th December 2005 and the Statutory Regulations framed under the other provisions of the Act constitute a complete self-contained code in respect of criminal as well as civil liability in cases of theft of electricity and also in respect of the civil liability for unauthorised use of electricity. [para 16]

(v) Assessment to be made by the distribution licensee in theft cases is not governed by the provisions of Section 126 of the Act, but is

governed by the provisions of Section 50 read with Regulation (Section) 7.6.5 of the Gujarat State Electricity Supply Code, 2005 as framed by the Gujarat Electricity Regulatory Commission and amended with effect from 14th December 2005.[paras 9 and 12]

(vi) Against such assessment, remedy of appeal under Section 127 of the Act is not available to the aggrieved party, but its remedy will be only before the Special Court constituted under Section 153 of the Act which will exercise its jurisdiction in accordance with the provisions of Sub-sections (5) and (6) of Section 154 of the Act. [Para 9]

(vii) Although there is no specific provision in Section 145 of the Act for exclusion of Jurisdiction of Civil Court to entertain any proceeding in respect of any matter which the Special Court is empowered by or under the Act to determine, we are of the view that any dispute about civil liability in theft cases is impliedly excluded from the jurisdiction of Civil Court.

[Paras 15 to 17] The aforesaid principles are applicable to all cases wherein theft is detected on or after 14th December 2005.

"Para 16. After undertaking the inquiry as mandated by the Apex Court in Dhulabhai case (Supra), we hold that the Electricity Act, 2003 read with the Central Government order dated sth June 2005 and the Electricity Supply Code framed under Section 50 of the Act and the Statutory Regulations framed under the other provisions of the Act constitute a Page 1321 complete self-contained code in respect of criminal as well as civil liability in cases of theft of electricity and also in respect of the civil liability for unauthorised use of electricity. Hence, although there is no specific reference in Section 145 of the Act to exclusion of Civil Court to entertain any proceeding in respect of any matter which the Special Court is empowered by the Act to determine or any assessment (other than assessment under Section 126) which the licensee is empowered under the Act to determine, we are of the view that any dispute

about the civil liability in theft cases is impliedly excluded from the jurisdiction of Civil Court."

(૮.૬)હવે આ કામે સૌથી મહત્ત્વનો એવો ગુજરાત વીજ કંપનીનો સપ્લાય કોડ ૨૦૧૫ કે જેની ઉપર વાદી કંપની દ્વારા આધાર રાખવામાં આવેલ છે. તેની જોગવાઈ જોતાં, પણ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે વીજ ચોરી સાબિત થાય પછી જ આવી વીજ બીલની આકારણી કરી વીજ ચોરીની રકમ વસૂલી શકાશે. વિભાગ–૭ નિયંત્રણો:– ``વીજળીની ચોરીની જોગવાઈ ૭.૬માં જણાવેલ છે કે, જો વીજળીની ચોરી સાબિત કરતો પર્યાપ્ત પુરાવો મળી આવે તો પરવાનેદાર કે પુરવઠાકાર અધિનિયમની કલમ–૧૩૫ મુજબની કાર્યવાહી કરશે.`` તથા ૭.૧૨ (આકારણી) વીજ ચોરીનો કેસ બન્યો હોવાનું સાબિત થાય ત્યાં આકરણી અધિકારી આ સંહિતાના જોડાણ IV માં આપેલી આકરણી ફોર્મ્યુલા અનુસાર વીજળી વપરાશની આકારણી કરશે. આકારણીની મુદ્દત આ સંહિતાની ખંડ ૭.૭માં જોગવાઈ કર્યા મુજબ નક્કી કરશે. આકારણી લાગુ પડતા પ્રશુલ્કથી બે ગણી હશે. આકારણી હુકમની યોગ્ય પહોંચ હેઠળ વ્યક્તિને બજવણી કરાશે. હવે ઉપરોક્ત જોગવાઈ મુજબ વીજ ચોરી સાબિત કરવા માટે કાયદા દ્વારા સ્પેશિયલ કોર્ટની રચના કરવામાં આવેલ છે. જો વીજ ચોરી નામદાર સ્પેશિયલ કોર્ટના ચુકાદા પહેલા જ આકારણી અધિકારી દ્વારા સાબિત થયેલ છે તેવું માની લેવામાં આવે તો, કલમ–૧૩૫ની ટ્રાયલ ચલાવવાનો કોઈ ઉદ્દેશ પરીપૂર્ણ થતો નથી. કલમ–૧૩૫ મુજબનો કેસ ચાલી જતાં, તકસીરવાર ઠરતા, નામદાર સ્પેશિયલ કોર્ટ દ્વારા દંડ સ્વરૂપે વીજ ચોરીની બીલ આકારેલી રકમની સિવિલ લાયબિલિટી નક્કી કરી દીવાની રાહે વસૂલ લેવાના હુકમ કરશે. પરંતુ જો આવી રકમ અગાઉથી જો વસૂલ કરવામાં આવેલ હોય તો, એક વ્યક્તિ ઉપર એક જ ચોરી માટે બે વખત દંડની કે વીજ ચોરીની આકારેલી રકમ વસૂલ કરવાની પરિસ્થિતિ ઉપસ્તિથ થાય તેમ જણાઈ આવે છે. ધી વીજ અધિનિયમ–૨૦૦૩ની જોગવાઈઓમાં અલગથી સિવિલ દાવો

કરવાની જોગવાઈ કલમ–૧૫૪(૫)માં નથી તથા કલમ–૧૩૫ મુજબ એ માત્ર પીનલ પ્રોવિઝન છે અને વીજ ચોરીની બીલની રકમ અલગથી વસૂલ કરવાની છે તેવી પણ કોઈ જોગવાઈ નથી. પરંતુ વીજ અધિનિયમની કલમ–૧૫૪(૫) મુજબ નામદાર સ્પેશિયલ કોર્ટ એ ક્રિમિનલ કેસમાં દંડની રકમ સ્વરૂપે સિવિલ લાયબિલિટી નક્કી કરવાની જોગવાઈ છે. તે અંગે કાયદામાં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે અને નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોક્ત ચર્ચા કરેલ તમામ ચુકાદામાં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. અને તે સિવાય વીજ અધિનિયમની કલમ–૨૦૦૩ બિન ગ્રાહક વીજ ચોરીની રકમ વસૂલ મેળવવા સિવિલ સ્યુટ કરવાની કોઈ જોગવાઈ નથી. સ્પેશિયલ કોર્ટની રચના માત્ર પીનલ પ્રોવિઝન સાબિત કરવા માટે કરવામાં આવેલ નથી. પરંતુ ક્રિમિનલ કેસમાં જ સિવિલ લાયાબિલિટી કરવાની સ્પેસિફિક જોગવાઈ આપેલ છે. સબબ વીજ ચોરી સાબિત થયેથી સિવિલ લાયબિલિટી નક્કી થાય અને પછી જ વીજ કંપની આવી રકમ મેળવવા હક્કદાર છે. તે મુજબ વાદી કંપની એ તે મુજબની કાર્યવાહી કરેલ ના હોય, આ દાવાના કામે રેકર્ડ ઉપર સ્પષ્ટપણે સાબિત થાય છે કે વાદી કંપની પાસે હાલનો દાવો કરવાનું કોઈ કારણ નથી. વધુમાં વીજ અધિનિયમની કલમ–૧૩૫ મુજબ ફોજદારી ફરિયાદ દાખલ કરીને ૧૫૪(૫) મુજબ સ્પેશિયલ કોર્ટ દ્વારા નક્કી કરેલ સિવિલ લાયબિલિટીનું હુકમનામું મેળવવાનું હોય છે તેનો સીધો દાવો થઈ શકે નહિ એટલે કે કલમ ૧૩૫ મુજબ ફોજદારી ફરિયાદમાં જ નામદાર સ્પેશિયલ કોર્ટ સિવિલ લાયબિલિટી નક્કી કરવાની રહેતી હોય છે – કલમ–૧૫૪(૫)ના શબ્દો જોતાં, "the amount of civil liability so determined shall be recovered as if it were a decree of civil court." એટલે કે આટલી નિર્ધારિત સિવિલ જવાબદારીની રકમ એવી રીતે વસૂલ કરવામાં આવશે જાણે તે સિવિલ કોર્ટનો હુકમ હોય. આમ, ઉપરોક્ત કલમ–૧૫૪(૫) મુજબ ક્રિમિનલ કેસમાં જ સિવિલ લાયબિલિટી નક્કી કરવાની છે તેવું નામદાર સુપ્રિમ કોર્ટે

સિવિલ એપ્લિકેશન ૨૦૮૪૨/૨૦૧૭માં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે *The procedure and power of the Special Court is laid down under Section 154 of the Act, including the power to levy a penalty which is referred as "Civil Liability" under Section 154(5) and 154(6) of the Act. Section 155 states that the Special Court is to have the powers of a Court of Sessions, and Section 157 of the Act vests the Special Court with a power of Review.*

(૮.૭) વધુમાં આ કામે નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા વીજ અધિનિયમ-૨૦૦૩ની કલમ-૧૩૫ અને કલમ-૧૨૬ વચ્ચેનો ભેદ સમજાવેલ છે અને UNAUTHORISED use of Electricity - અને THEFT બંને શબ્દો એકબીજાનો સમાવેશ કરતાં નથી અને બંનેમાં અલગ-અલગ કાર્યવાહી કરવાની રહે છે.

> *This distinction has been clearly made out in a case decided by the High Court of Delhi in writ petition (civil) No. 649 of 2004 and other allied matters by the judgment dated 31st May, 2004. Paragraphs 38 and 39 of the said judgment read as under:*
>
> *"38. The Explanation to Section 126 of the said Act defines the expression "unauthorised use of electricity" and the definition includes four categories as specified in sub para (b) to the Explanation. It has been defined to mean the usage of electricity (i) by any artificial means, (ii) by means not authorised by the concerned person or authority of licensee (iii) through a tampered meter, and (iv) for the purpose other than for which the usage of electricity was authorised. Thus, Section 126 can apply only in these cases since the same is confined*

*to "unauthorised use of electricity". The expression "theft" has not been used under Section 126 of the said Act of 2003.*

*39. The expression "theft" has been used in Section 135 of the said Act. Thus, in the same enactment, these two expressions- "unauthorised use of electricity" and "theft" have been used separately and, thus, must have their own connotations. They cannot be said to be substitute for one or the other."*

(૮.૮)આ કામે સૌપ્રથમ નામદાર સુપ્રિમ કોર્ટના નોર્થ દિલ્હી પાવર લી. વિરુદ્ધ દેવેન્દ્રસિંગ એન્ડ અધર્સના ચુકાદાને સમજવો ખુબ જરૂરી છે અને તેના માટે સૌપ્રથમ આ ચુકાદાનો પૂર્વ ઈતિહાસ જોવો ખૂબ જ જરૂરી છે. સૌપ્રથમ આ ચુકાદામાં દાવો કોના દ્વારા દાખલ કરવામાં આવેલ હતો તે જોવુ જોઈએ. આ કામે ઉપરોકત ચુકાદામાં મૂળ દાવો દેવેન્દ્રસીંગનાઓએ દિલ્હીની સ્પેશિય ઈલેકટ્રિસિટી કોર્ટમાં નોર્થ દિલ્હી પાવર લી. વિરૂદ્ધ સનેઃ૨૦૧૧ની સાલમાં સિવિલ સ્યુટ નંબર–૫૧/૨૦૧૧થી દાવો સ્પેશિયલ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ હતો. આ દાવો દાખલ કરનાર દેવેન્દ્રસીંગ નોર્થ દિલ્હી પાવર લી.ના ગ્રાહક હતા. ત્યારબાદ ચાલુ દાવે આ દાવાના પ્રતિવાદીએ એટલે કે, નોર્થ દિલ્હી પાવર લી. દ્વારા નામદાર સ્પેશિયલ ઈલેક્ટ્રિસિટી અદાલતમાં સી.પી.સી. ઓર્ડર–૦૭ના નિયમ–૧૦ મુજબની અરજી દાખલ કરેલ હતી અને દાવો હકુમત વાળી સિવિલ કોર્ટમાં દાખલ કરવા માટે વાદીને પરત સોંપવા વિનંતી કરેલ હતી. ત્યારબાદ, આ અરજી નામદાર સ્પેશિયલ અદાલત દ્વારા બંને પક્ષોને સાંભળીને નામંજૂર કરેલ હતી. આ કામે નોર્થ દિલ્હી પાવર લી.નાઓએ પોતાની અરજીમાં જણાવેલ હતુ કે, નામદાર અદાલતને વીજ બીલની બાકી લેણી રકમ અંગે જે પુરવણી બીલ વીજ ગ્રાહકને આપવામાં આવેલ છે તેને વીજ ગ્રાહકે જો પડકારવુ હોય તો નામદાર સિવિલ કોર્ટમાં દાવો દાખલ

કરવાનો રહે છે અને તે દાવો ફકત સિવિલ કોર્ટને ચલાવવાની સત્તા છે. જેથી વાદીનો દાવો યોગ્ય હકુમતવાળી કોર્ટમાં દાખલ કરવા પરત કરવા અરજી કરેલ હતી. ત્યારબાદ, નામદાર અદાલત દ્ધારા બંને પક્ષોને સાંભળીને પ્રતિવાદીની અરજી ના–મંજૂર કરેલ હતી અને જણાવેલ હતુ કે, નામદાર સ્પેશિયલ કોર્ટને આવા પ્રકારના દાવા ચલાવવાની સત્તા રહેલ છે. ત્યારબાદ, પ્રતિવાદી એટલે કે નોર્થ દિલ્ડી પાવર લી. દ્ધારા આ હુકમથી નારાજ થઇને નામદાર દિલ્ડી હાઇકોર્ટમાં અપીલ કરવામાં આવેલ હતી અને જેના નંબર–સી.એમ.(એમ)–૪૫૧/૨૦૨૧ તથા સી.એમ નંબર–૭૦૩૨/૨૦૧૨ છે. જે અપીલ બન્ને પક્ષોને સાંભળીને નામદાર દિલ્ડી હાઇકોર્ટે પણ ના–મંજૂર કરેલ હતી. ત્યારબાદ, પ્રતિવાદી કંપનીએ આ હુકમની સામે નામદાર સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરેલ હતી જેના નંબર–સિવિલ અપીલ નંબર–૨૦૮૪૨/૨૦૧૭ થી દાખલ કરેલ હતી અને જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્ધારા પોતાના હુકમમાં જણાવેલ હતુ કે,

> *"It is clear from a perusal of the aforesaid sections that the Special Electricity Court acts as a Court of Sessions and has been set up to try offences that are committed under the Act. By no stretch of imagination can it be stated that a civil suit would be within the jurisdiction of such a Court. We are, therefore, of the view that the impugned judgement deserves to be set aside. The appeal is allowed in the aforesaid terms. Pending applications, if any, shall also stand disposed of."*

આમ, ઉપરોકત ચુકાદાને આધિન, ઉપરોકત કેસમાં કાયદેસરના ગ્રાહક દ્ધારા વીજ બીલ અંગે રેગ્યુલર વપરાશ કરેલ ચડત વીજ બીલની રકમ ભરેલ ન હોય અને જેથી વીજ કનેકશનને રદ કરવા માટે વીજ કંપનીએ કાર્યવાહી કરેલ હોય તેને અટકાવવા માટેનો છે. વીજ ચોરીની લેણી રકમ વસૂલ કરવા માટેનો દાવો નથી અને જયારે

કોઈ ગ્રાહક દ્વારા ચડત વીજ બીલની ભરપાઇ ન કરવા માટે દાવો કરેલ હોય ત્યારે વીજ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૧૪૫ મુજબનો બાધ નડતો હોય નામદાર સ્પેશિયલ કોર્ટ અથવા તો નામદાર સિવિલ કોર્ટને આવા દાવા ચલાવવાનો બાધ છે. જેના અંતર્ગત નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ છે કે, વીજ બીલના ભરેલ હોય તો તેની વિરુદ્ધમાં વીજ કનેકશન રદ કરતા અટકાવવાનો દાવો થઇ શકે પરંતુ તેમાં કોઇ મનાઇ હુકમ આપી શકાશે નહિ અને આવો દાવો ફકત ગ્રાહક કરી શકશે અને તે પણ સિવિલ કોર્ટમાં કરી શકશે. ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે વીજ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૧૫૪(૫)ની ચર્ચા કરેલ છે અને જેમાં સ્પેશિયલ કોર્ટની કાર્યપદ્ધતિની અને સત્તાની ચર્ચા કરેલ છે. નામદાર સ્પેશિયલ કોર્ટને દંડ વસૂલવાની સત્તા રહેલ છે અને જે કાયદાની કલમ–૧૫૪(૫) અને કલમ–૧૫૪(૬) હેઠળ ''સિવિલ લાયબિલિટી'' તરીકે ઓળખવામાં આવે છે. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે પોતાના ઉપરોક્ત ચુકાદામાં જણાવેલ છે કે, ''સ્પેશિયલ કોર્ટને વીજચોરીના કેસમાં જો ચોરી સાબિત થાય તો દંડ વસૂલવાની સત્તા છે અને તે દંડને વીજ અધિનિયમની કલમ–૧૫૪(૫) મુજબ સિવિલ લાયબિલિટી તરીકે ગણવાની છે અને તેના માટે વીજ કંપનીએ અલગથી દાવો કરવાની જરૂર નથી. આના ઉપરથી એ હકીકત ફલિત થાય છે કે, વીજચોરીના કેસમાં પ્રથમ ફરિયાદ થયેલ હોવી જોઇએ અને તેનું ચાર્જશીટ નામદાર સ્પેશિયલ કોર્ટમાં થયેલ હોવુ જોઇએ. ત્યારબાદ તેમાં પુરાવો નોંધાવવો જોઇએ અને તે પુરાવો નોંધ્યા બાદ આરોપીનું વિશેષ નિવેદન અને ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળીને નામદાર સ્પેશિયલ કોર્ટે ચુકાદો જાહેર કરવાનો રહે છે અને તેમાં જો આરોપી તકસીરવાર ઠરે તો, સ્પેશિયલ કોર્ટ આરોપીને વીજ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૧૫૪(૪) અને ૧૫૪(૫) મુજબ દંડ કરવાનો રહે છે અને તે દંડની રકમ સિવિલ લાયબિલિટી ગણાશે અને તે રકમ વસૂલ કરવા માટે વીજ કંપનીએ કોઇ દાવો કરવાનો નથી.

ફકત બજવણી/દરખાસ્ત દાખલ કરવાની રહે છે આમ, ઉપરોકત ચુકાદાની ચર્ચા જોવામાં આવે તો, જયારે વીજ ગ્રાહક અથવા વીજ ગ્રાહક ના હોય તો તે ઈસમ દ્વારા વીજચોરી કરવામાં આવે અને તેનું બીલ વીજ ગ્રાહકને અથવા વીજ ગ્રાહક ના હોય તે ઈસમને આપવામાં આવે તો વીજ ગ્રાહક અથવા વીજ ગ્રાહક ના હોય તે ઈસમ તે બીલને સ્પેશિયલ કોર્ટમાં તેની સામે થયેલ વીજ ચોરીના કેસમાં પડકારી શકે છે. આનાથી વિરુદ્ધનું વીજ કંપની દ્વારા વીજ ગ્રાહકને વીજ વપરાશનું કોઈ બીલ આપવામાં આવે તો તે બીલ વીજ ગ્રાહક દ્વારા સ્પેશિયલ કોર્ટમાં પડકારી શકાય નહિ અને જો વીજ ગ્રાહક દ્વારા આ વીજબીલને પડકારવુ હોય તો સિવિલ કોર્ટમાં દાવો કરવાનો રહે છે. તેમ જણાવવામાં આવેલ છે અને નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ફકત આજ પ્રશ્નનો જવાબ આપેલ છે. તેનાથી વીજ કંપની દ્વારા જે ઈસમ વીજ કંપનીનો ગ્રાહક છે અથવા તો વીજ કંપનીનો વીજ ગ્રાહક નથી અને તે ઈસમ દ્વારા વીજચોરી કરવામાં આવે અને તે ઈસમ વિરુદ્ધ વીજ કંપની દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનમાં વીજચોરીની ફરિયાદ કરવામાં આવે અને તે વીજચોરી કરનાર ઈસમને વીજચોરીનું બીલ આપવામાં આવે તો તે બીલને તે ઈસમ સિવિલ કોર્ટમાં પડકારી શકશે નહિ. તેમજ વીજ કંપની તે વીજચોરીના બીલની રકમ વસૂલ કરવા માટે સિવિલ કોર્ટમાં દાવો કરી શકે નહિ. તેના માટે વીજ અધિનિયમ–૨૦૦૩માં કલમ–૧૩૫ની જોગવાઈ કરવામાં આવેલ છે અને વીજ કંપની દ્વારા તે મુજબ ફરિયાદ દાખલ કરવાની રહે છે. આમ આ કામે વાદીના દાવા અરજીની હકીકત મુજબ પ્રતિવાદીએ ગ્રાહકના નાતે વીજચોરી કરેલ હોય તેમ માની લેવામાં આવે તો પણ  આ કામે વાદી દ્વારા હાલના પ્રતિવાદી વિરુદ્ધ નામદાર સ્પેશિયલ કોર્ટે કોઈ સિવિલ લાયબિલિટી નક્કી કરેલી છે કે કેમ તેવો કોઈ હુકમ રજુ કરવામાં આવેલ નથી. આમ, વાદી દ્વારા ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ આંક–૩૬ થી રજુ એફ.આઈ.આર. વાળી ફરિયાદ કરવામાં આવેલ છે અને સ્પેશીયલ કોર્ટમાં પ્રતિવાદી વિરૂદ્ધ તે

ફોજદારી ફરિયાદ અંગેની કાર્યવાહી પેન્ડીંગ છે, તે હકીકત નિર્વિવાદીત છે. જો કે, પ્રતિવાદી તરફે એફ.આઇ.આર. કે ફરિયાદ બાબતે કે તેની પ્રોસીડીંગ્સ બાબતે વાદીને ઉલટ તપાસમાં કોઇ સ્પેશીફીક પ્રશ્ન પુછવામાં આવેલ નથી, તેમ છતાં, જયારે વાદીની દાવા અરજીની હકીકત, સોંગદ પરની જુબાની તથા દસ્તાવેજી પુરાવા પરથી જ પ્રતિવાદી વિરૂદ્ધ પાવર ચોરી અંગેની ઇલેકટ્રીસીટી એકટની કલમ ૧૩૫ મુજબની ફરિયાદ નોંધાયેલ હોવાની સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવેલ છે, ત્યારે અત્રેની અદાલતને હાલનો દાવો ચલાવવાની હકુમત નહી હોવાનુ પુરવાર થાય છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સદર મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૯) <u>મુદ્દા નંબર–૧, ૩, ૪ અને ૫ ની સંયુક્ત ચર્ચા.</u>

સદરહુ કામે મુદ્દા નંબર–૧, ૩, ૪ અને ૫ એકબીજા સાથે સંકળાયેલ હોઇ તેની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. આ કામે આંક–૨૪ થી વાદી મોહનકુમાર દેવશીભાઇ ગાગલીયાનાઓનું સરતપાસનું સોંગદનામુ રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવા અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. ત્યાર બાદ વાદીની પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં વાદીએ એવી હકીકત જણાવેલ છે કે, તેઓ નાયબ ઇજનેર તરીકે ફરજ બજાવે છે, તેઓની નોકરીનો સમયગાળો ૧૪ વર્ષનો છે, તેઓની નોકરીનુ સ્થળ જામજોધપુર ઇસ્ટ સબ ડીવીઝન પી.જી.વી.સી.એલ. છે, બનાવના દિવસે ચેકીંગમા ગયા હોય તેની નોંધ કચેરીમાં કરવામાં આવેલી કે કેમ તેની તેઓને ખબર નથી, તેઓ જે તે સમયે ચેકીંગ સ્કોડમાં તેઓ ગયેલ નથી. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ચેકીંગ કેવી રીતે થયુ તે અંગે તેઓને કોઈ જાત માહિતી નથી. વધુમાં, વાદીને ચેકીંગ વાળા સ્થળની માલિકી કબ્જા ભોગવટો કોનો છે તે અંગેની પંચાયતના રેવન્યુ રેકર્ડમાં ક્યાય ખરાઇ કરેલ કે તેવુ કોઇ રેવન્યુ રેકર્ડ પણ રજુ કરેલ છે? તેવો પ્રશ્ન પુછવામાં આવતા તેના જવાબમાં જણાવેલ છે કે, ચેકીંગ વાળા સ્થળે જે સ્થળ પર ચોરી કરતા પકડાયેલ તેમા કુલ ત્રણ

વ્યક્તિઓ હતા જેમા બે અમારા ગ્રાહકો હતા, જેના ખેતીના દસ્તાવેજ અમારી ઓફીસમાં અવેઇલેબલ છે. તેઓએ જણાવેલ છે કે, ગ્રાહક નં. ૧ કરણુભા જીજીભા વાળા, નં. ૨ પ્રવિણસિંહ ખોડુભા વાળા હતા, ત્રીજી વ્યક્તિ તિર્થરાજસિંહ હનુભા વાળા જે તેઓના ગ્રાહક ન હતા. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તિર્થરાજસિંહ હનુભા વાળા ચેકીંગ વાળા સ્તળના માલિક છે તે દર્શાવતો કોઇ આધાર પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. એ વાતની તેઓને જાણ ન હોવાનુ જણાવેલ છે કે, ચેકીંગ ઓફીસરે ચેકીંગ વાળા સ્થળના માલિક કોણ છે તે દર્શાવતો કોઇ આધાર પુરાવો હાલના કામે રજુ કરેલ છે કે કેમ. તેઓએ જણાવેલ છે કે, તેઓને ચેકીંગ સ્કોડમાં ગયાનો અનુભવ છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, હાલના કામે ચેકીંગ સ્થળનું પંચરોજકામ પંચોની હાજરીમાં કરેલ નથી, ચેકીંગ ઓફીસરે પંચરોજકામ કરેલ. વધુમાં, વાદીને ચેકીંગ સ્થળ પર જ પંચરોજકામ કરવાનુ હોય છે? તેવો પ્રશ્ન પુછવામાં આવતા તેના જવાબમાં જણાવેલ છે કે, ચેકીંગ સ્થળ પર પંચરોજકામ કરવાનુ નથી હોતુ પરંતુ સ્થળ રોજકામ કરવાનુ હોય છે. તેઓએ જણાવેલ છે કે, જયોતીગ્રામ યોજના ગામ માટે હોય છે અને તેનુ જુદુ ફીડર હોય છે, જયોતીગ્રામ યોજનામાં પાવર કેપેસીટી બે પ્રકારની હોય છે સીંગલ ફેઇઝ અને થ્રી ફેઇઝ, હાલના દાવા મુજબ જયોતીગ્રામ  ફીડરમાંથી પાવર ચોરી થયેલ છે તે મુજબનો દાવો કરેલ છે, કોઇ વ્યક્તિ પ્રાઇવેટ ટી. સી. મુકી ન શકે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, દરેક ફીડરમાં લાઇન લોસ (પાવર લોસ) કેટલો થાય છે તેની નોંધ થતી હોય છે અને તેની માહિતી સંબંધિત સબ – ડીવીઝન ને હોય છે, જે તે સમયે તેઓ હાજર ન હોવ હાલના કામે જે પાવર લોસ જણાવેલ છે તેની નોંધ થયેલ છે કે કેમ તેની માહિતી તેઓને નથી, કહેવાતી પાવરચોરીના કારણે કેટલો લાઇન લોસ થયેલો છે તે તેઓ કહી શકે નહી. તેઓએ જણાવેલ છે કે, ચોરી દરમિયાન લગાડેલ લોડના આધારે કહી શકે કે કેટલી ચોરી કરેલી છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે,

જ્યોતીગ્રામ યોજનામાંથી કેટલો લાઇન લોસ થયેલો છે તે અંગેનો આધાર હાલના કામે રજુ કરેલ નથી, કેલ્ક્યુલેશન શીટ રજુ કરેલ છે, કોઈ પણ ચેકીંગ સ્થળે ચેકીંગ માટે ચેકીંગ સ્કોડ જાય ત્યારે કેસના ટાઇપ પ્રમાણે ચેકીંગનો સમય લાગી શકે, હાલના દાવામાં જે પ્રકારે પાવર ચોરી થયેલી હોય તેના ચેકીંગની કાર્યવાહીમાં અંદાજે દોઢ થી બે કલાક લાગી શકે, આ જ પ્રકારના કેસમાં અન્ય સ્થળે ચેકીંગ કરવાનુ થાય તો આટલો જ સમય લાગે તેમ ચોક્કસ ન કહી શકાય, આ જ પ્રકારના કેસમાં ત્રણેક સ્થળ પર ચેકીંગ કરવાનુ હોય તો કેટલો સમય લાગે તે ચેકીંગ ઓફીસર પર આધાર રાખે છે. વધુમાં, વાદીને કોઈ પણ ત્રણ જગ્યાએ એક પછી એક સ્થળની ચેકીંગની કાર્યવાહી એક થી દોઢ કલાકના સમયગાળામાં પુરી ન થઇ શકે ? તેવો પ્રશ્ન પુછતાં તેના જવાબમાં જણાવેલ છે કે, ચેકીંગ ઓફીસર પર આધાર રાખે છે. હાલના દાવાના સ્થળ પર ચાર ચેકીંગ સ્કોડ દ્વારા ચેકીંગ કરવામા આવેલ. તેઓએ જણાવેલ છે કે, એક સ્કોડમાં ઓછામાં ઓછા ૨ વ્યકિતઓ હોય છે, બનાવના સ્થળે ચાર ટીમ દ્વારા ચેકીંગ કરવામાં આવેલ, તે ચેકીંગ બાદ સદર ટીમ અન્ય જગ્યાએ ગયેલ કે કેમ તેની મને જાણ નથી, હાલના દાવામાં બનાવ સ્થળે રાત્રીના ૪.૩૦ કલાકે ચેકીંગ થયેલ, રાત્રીના સમયે અંધારામાં ચેકીંગ થયેલ, ચેકીંગ ટીમ પાસે ટોર્ચ તથા ઓફીસ વ્હીકલની લાઇટ્સ હોય છે. વધુમાં, વાદીને બનાવ સ્થળે તમે હાજર ન હોય ચેકીંગ ની કાર્યવાહી સાચી છે કે ખોટી છે તે તમે ન કહી શકો? તેવો પ્રશ્ન પુછવામાં આવતાં તેના જવાબમાં જણાવેલ છે કે, ચેકીંગ ઓફીસર દ્વારા ચેકીંગ ને લગતા જે ડોક્યુમેન્ટ ઓફીસમાં જમા કરાવેલ હોય તેના આધારે ચેકીંગ થયેલનુ કહી શકે. તેઓએ જણાવેલ છે કે, સામાન્ય રીતે કોઇ પણ વ્યકિતના નામની પાછળ તેના પિતાનુ નામ આવે અને અટક આગળ અથવા પાછળ આવે, દાદાનુ નામ પાછળ ન લાગે, વધુ ખરાઈ માટે નામ આ દાવામાં લખેલ છે. વધુમાં, વાદીને પ્રતિવાદીના નામમાં વધુ ખરાઈ કયા આધારે કરેલ ? તેવો પ્રશ્ન પુછવામાં આવતાં

તેના જવાબમાં જણાવેલ છે કે, ગામમાં પુછતા અને જાણતા તે ગામમાં જતા તેના દાદાનું નામ પણ લખેલ છે, હાલ તેઓને એ યાદ ન હોવાનુ જણાવેલ છે કે, ગામમાં કોને કોને પુછેલુ. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ કયાંય સ્કુલમાં કે પંચાયતમાં નામની ખરાઈ કરેલ નથી, હનુભા ખોડુભાના દિકરા છે તેવુ બતાવવામાં કોઈ લેખિત આધાર રજુ કરેલ નથી, કોઈ પણ સીમ જમીનના રેવન્યુ રેકર્ડમાં સર્વે નંબર અને તેના માલિક કબજે દારનુ નામ હોય છે, ચેકીંગવાળા સ્થળની જમીનના કયા સર્વે નંબર હતા અને તેના માલિક કે કબજેદાર કોણ હતા તેની રેવન્યુ રેકર્ડમાં કોઈ ખરાઈ કરેલ નથી કે તેવુ રેવન્યુ રેકર્ડ આ કામે રજુ રાખેલ નથી. તેઓએ જણાવેલ છે કે, એપ્રિલ મહિનામાં ઉનાળાની ૠતુ હોય છે, ઉનાળામાં વાવેતર કરવુ કે નહી તે ખેડુત પર આધારિત છે. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ચેકીંગ સમયે સિંચાઈના કામે પાણીનો પ્રવાહ ચાલુ હોય અને ચેકીંગ સ્થળ વાળી જમીનમાં કયા પ્રકારનું વાવેતર હતુ તેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી, ચેકીંગના સ્થળ રોજકામમાં ચુતરદિશા દર્શાવવાની હોય છે, રોજકામમાં ચતુરદિશા દર્શાવેલ નથી, લેટીટયુડ અને લોન્જીટયુડ દર્શાવવામાં આવેલ છે. અન્ય હકીકતોનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૯.૧) વધુમાં, વાદી તરફે આંક-પર થી સાહેદ સીરીશકુમાર નસરવાનભાઈ પટેલને સોંગદ પર તપાસેલ છે. જેમાં સદર સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૩ માં જામજોધપુર ઈસ્ટ સબ ડીવીઝનમાં નાયબ ઈજનેર તરીકે તેઓની ફરજ બજાવતા હતા. તા.૧૨/૦૪/૨૦૨૩ ના રોજ તેઓ જામજોધપુર ઈસ્ટના તાબા હેઠળના સાતવડી ગામે તેઓ ઉપલી કચેરીની સુચનાથી સાતવડી ગામે ચેકીંગ અર્થે ગયેલ હતા, ત્યા હાજર વ્યક્તિ ગીરીરાજસિંહ કર્ણુભા વાળાની હાજરીમાં વિજ જોડાણ ચેક કરતા ટ્રાન્સફોર્મરના ડી.ઓ. ઉતારેલ હતા તેમજ મીટરના લોડ સાઈડ જોડેલ ન હતુ. ત્યાં સ્ટાર્ટર લાકડાના પાટીયા પર રાખેલ હતુ તેમા જે કાળા કલરનો કેબલ

જોડેલ હતો તે ત્યાથી આશરે સો એક મીટર દુર ઈલેવન કે.વી. લાઇન કે જેમાં માંડાસણ/સંગચીરોડા JGY/52/R 2 લખેલ. સીમેન્ટના પોલ પરથી બ્લુ તથા લાલ કલરના કોપર વાયર સાથે પી.વી.સી. પાઇપ જોડી ઈલેવન કે.વી. લાઇન પરથી વીજ પાવર લઈ તેમની સાથે ૬૩ કે.વી. એ વિજ ટ્રાન્સફોર્મર જોડેલ જોવા મળેલ, તેમના પર વેસ્ટર્ન/૩૬૨ તા.૦૪/૧૨/૯૮ લખેલ નંબર પ્લેટ જોવા મળેલ હતી, તેમજ ત્યાથી લોડ સાઇડમાં સદર કેબલ જોડેલ જોવા મળેલ હતો, તેમજ બીજો કેબલ પણ જોડેલ જોવા મળેલ જે સદર હાજર વ્યક્તિને પુછતા તેમણે તે કેબલ તિર્થરાજસિંહ હનુભા ખોડુભા નો હોવાનુ જણાવેલ હતુ, ત્યા અમે તથા તેઓની ટીમ સાથે સદર વિજ મોટર ચેક કરતા તે ૨૦એચ.પી. ની જોવા મળેલ, આમ, સદર સ્થળ પર બિનઅધિકૃત રીતે ઈલેવન કે.વી. લાઇન સાથે પ્રાઈવેટ ટ્રાન્સફોર્મર જોડી વિજ ચોરી થતી જોવા મળતા સદર સ્થળ પર કંપનીના નિયમોનુસાર ચેકીંગ શીટ ભરવામાં આવેલ તેમજ સ્થળ પરથી મુદામાલ કબ્જે કરવામાં આવેલ, તેમજ સ્થળ પર રોજકામ કરવામા આવેલ હતુ, જેમા હાજર વ્યક્તિ ગીરીરાજસિંહ કર્ણુભા વાળા સહી કરવાની ના પાડતા અમો હાજર ચેકીંગ ટીમો દ્વારા સ્થળ રોજકામમાં તેમજ ચેકીંગ શીટમાં સહીઓ કરેલ હતી, જે સ્થળ રોજકામ આંક ૨૬ થી રજુ કરવામાં આવેલ છે, જેમાં તેઓની નં. ૧ તરીકે સહી છે બાકીના ઈજનેરોની સહીઓ તેઓ ઓળખે છે, આંક ૨૭ થી સ્થળ પરનો નકશામાં તેઓની તથા તેઓની ટીમની સભ્યોની સહી છે, જેના આધારે ચેકીંગ શીટ તૈયાર કરવામાં આવેલ જે આંક ૨૮ થી રજુ જેમાં પણ તેઓની તથા ટીમના સભ્યોની સહીઓ છે, સ્થળ પરથી જપ્ત કરેલ મુદામાલ એનેક્ષર ૪ આંક ૨૯ થી રજુ છે જેમાં પણ તેઓની તથા ટીમના સભ્યોની સહીઓ છે. આંક ૩૦ મુદામાલ ઓફીસમાં જમા કરાવ્યાનો ગેટ પાસ છે જેમા સ્ટોલ કીપરની તથા અમારી ટીમના સભ્યની સહી છે, આંક ૩૧ થી ટ્રાન્સફોર્મર જમા કરાવેલ જેના પત્રમાં પણ તેઓની સહી છે, આંક ૩૩ થી પ્રમાણપત્ર

રજુ કરેલ છે જેમાં તેઓની સહી છે. આંક ૩૫ થી આરોપી સામે ફરીયાદ દાખલ કરવામાં આવી જેમા તેઓની સહી છે જેના આધારે નોંધાયેલ એફ.આઇ.આર. આંક ૩૬ થી રજુ છે, આંક ૩૭ થી રજુ કરેલ પુરવણી બીલમાં મારી સહી છે જે પ્રતિવાદીને આર.પી.એ.ડી. કરતા પ્રતિવાદીએ સ્વીકારેલ હોય એક્નોલેજમેન્ટની સ્લીપ આંક ૩૮ થી રજુ કરવામાં આવેલ છે, તપાસના અંતે આંક ૩૯ થી પ્રતિવાદીને બીલ આપવામાં આવેલ જે બીલમાં તેઓની સહી છે. આંક ૪૦ થી કમ્પાઉન્ડીંગ ચાર્જની બીલ બનાવવામાં આવેલ જેમાં તેઓની સહી છે. આંક ૪૩ થી બીલની ગણતરી કરવામાં આવેલ તેની વિગત દર્શાવતો પત્ર રજુ છે જેમાં તેઓની સહી છે, આંક ૫૦ થી સ્થાનિક જગ્યાના ફોટોગ્રાફ રજુ કરેલ છે જેમા તેઓની સહી છે, દાવાની વિગતે માંગણી મુજબની રકમ કાયદેસરની નોટીસ આપતા માંગણી કરતા નહી આપતા દાવો દાખલ કરેલ છે.

**(૯.૧.૧)** ત્યાર બાદ સદર સાહેદની પ્રતિવાદી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, જામજોધપુર મુકામે આવેલ સબ ડીવીઝન ઓફીસ મુખ્ય મથક છે, તેઓ જે વાહનમાં ચેકીંગમાં કચેરીએથી નિકળીએ ત્યારે જે વાહન લઇને જઇએ તેની લોગબુકમાં સમય અને તારીખની નોંધ કરવામાં આવે છે. હાલના કામે ચેકીંગ માટે રાત્રીના બાર વાગ્યા પછી નિકળેલા, હાલ ચોક્કસ સમય યાદ નથી, જે વાહનમાં ચેકીંગ માટે નિકળેલા તેની લોગ બુક નો કોઇ ઉતારો હાલના કામે રજુ રાખેલ નથી. વધુમાં, સાહેદને ચેકીંગ વખતે બે તટસ્થ પંચોને લઇને ચેકીંગ કરવાનો કોઇ પ્રયત્ન કરેલો? તેવુ પુછતાં તેઓના જવાબમાં જણાવેલ છે કે, ચેકીંગ સ્થળે કોઇ પંચોને લઇ ગયેલ ન હતા. વધુમાં, સાહેદને પંચોને તમે ક્યાય બોલાવવા ગયેલા હતા? તેવુ પુછતાં તેના જવાબમાં જણાવેલ છે કે, ચેકીંગ સ્થળની આજુ બાજુ તપાસ કરતા ત્યા કોઇ સ્વતંત્ર પંચો મળેલ ન હોય તેઓએ કંપનીના કર્મચારીઓ દ્વારા સ્થળ રોજકામમાં સહીઓ કરેલી. વધુમાં, સાહેદને ક્યા કયા સ્થળે તપાસ કરેલી? તેવુ

પુછતાં તેના જવાબમાં જણાવેલ છે કે, ઉત્તર દીશા તરફ તેમજ ત્યાથી દક્ષિણ, પશ્રિમ દીશા તરફ તપાસ કરતા ત્યા કોઈ સ્વતંત્ર પંચો મળેલ ન હતા, ચેકીંગના સ્થળે થી આજુ બાજુમાં ખેતીવાડી વિસ્તાર હોય ત્યા ખેતીવાડીએ જે મકાન હોય ત્યા તપાસ કરેલી હતી. વધુમાં, સાહેદને કોના મકાન હતા અને કોના ખેતર હતા? તેવુ પુછતાં તેના જવાબમાં જણાવેલ છે કે, એ તેઓ ન કહી શકે. તેઓએ જણાવેલ છે કે, ઉપરોક્ત તપાસ સવારના ચાર વાગ્યાની આસપાસ આશરે વીસેક મિનિટ જેવી તપાસ કરેલી, ચેકીંગ કરતા અગાઉ ક્યારેય ચેકીંગ વાળા સ્થળે તેઓ ગયેલ નથી, ચેકીંગની કાર્યવાહી કર્યા બાદ તેઓ તે સ્થળે ફરીથી ગયેલ નથી. તેઓ એ હકીકત સ્વીકારેલ છે કે, જે સ્થળે ચેકીંગ કરવા ગયેલા તે સ્થળની માલિકી કે કબ્જો ભોગવટો કઇ વ્યક્તિનો હતો તે અંગે તેની માલિકી કે કબ્જા ભોગવટાના કોઇ આધારો મેળવેલ નથી, તેઓ ચેકીંગ કરવા ગયેલ ત્યારે ત્યા એક જ જગ્યાએ તેઓએ ચેકીંગ કરેલુ, ચેકીંગ વાળા સ્થળે હાજર વ્યક્તિ ગીરીરાજસિંહ કર્ણુભા વાળા જ હતા તે અંગે તેઓએ કોઇ ખરાઇ કરેલ નથી, ત્યા હાજર વ્યક્તિ પાસે તેમની ઓળખની ખરાઇ કરવા માટે તેમનુ આઇ. ડી. પ્રુફ માંગેલુ, જે તેઓએ રજુ કરેલુ ન હતુ, ત્યા હાજર વ્યક્તિએ પોતાનુ નામ ગીરીરાજસિંહ કર્ણુભા વાળા હોવાનુ જણાવતા તેઓએ માનેલ કે તે વ્યક્તિ ગીરીરાજસિંહ કર્ણુભા વાળા છે, સ્થળ પર હાજર વ્યક્તિનું સ્થળ પર તેઓએ કોઇ નિવેદન લીધેલ નહી, ફોટોગ્રાફ્સ લીધેલ હતા, ચેકીંગ વાળા સ્થળની માલિકી કબ્જો ભોગવટો કોનો હતો તેની મે ચેકીંગ કર્યા બાદ પણ આજ દિન સુધી રેવન્યુ રેકર્ડ કે પંચાયત કચેરીમાં તેના સર્વે નંબર કે મિલકતની ઓળખ અંગે કોઇ ખરાઇ કરેલ નથી તેમજ આજ દિન સુધી ચેકીંગ વાળા સ્થળની માલિકી અંગે કોઇ રેવન્યુ રેકર્ડ રજુ કરેલ નથી,આંક ૨૭ ના નકશામાં સીમજમીનની ઓળખ દર્શાવતા સર્વે નંબરનો કોઇ ઉલ્લેખ કરેલ નથી. વધુમાં, સાહેદને ગ્રાહકના પ્રતિનિધિ હોવાનો જે રોજકામમા ઉલ્લેખ કરવામાં આવે છે તે ગ્રાહકના પ્રતિનિધિ તરીકે હોવાનુ કઇ રીતે માનો ? તેવુ

પુછતાં તેના જવાબમાં જણાવેલ છે કે, જે સ્થળ પર જે તે જગ્યાનો માલિક હાજર ન હોય તેમની જગ્યાએ જે હાજર વ્યક્તિ હોય તે તેમના પ્રતિનિધિ તરીકે પોતે જણાવે તેવા સંજોગોમાં તેઓના તેના પ્રતિનિધિ તરીકે સ્થળ પર હાજર વ્યક્તિ દર્શાવીએ છીએ. તેઓઓ એ હકીકત સ્વીકારેલ છે કે, સ્થળ પર જે હાજર પ્રતિનિધિ હોવાનુ જણાવેલ તે ચેકીંગ વાળા સ્થળના માલિકના કુટુંબના ભાઈ હતા કે સગા હતા કે મજુર હતા તેવી કોઈ પુછપરછ કરેલ નથી, આંક ૨૬ તથા ૨૭ થી રજુ થયેલ દસ્તાવેજ અસલ દસ્તાવેજ નથી, તેઓએ બનાવ વાળા સ્થળની ચેકીંગની કાર્યવાહી આ કેસમાં અડધો કલાકમાં પુરી કરેલી, જ્યારે એ જ જગ્યા પરથી બીજી પણ પાવરચોરી થતી હતી જે કામગીરી પણ કરવામાં આવેલ હતી તે સમયગાળાનો સમાવેશ ઉપરોક્ત જણાવેલ અડધા કલાકના સમયગાળામાં થતો નથી, સ્થળ રોજકામમાં ચેકીંગ સ્થળે કયા પાકની વાવણી થયેલી હતી તે બાબતનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. અન્ય હકીકતોનો સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૯.૨)** આમ, મુદ્દા નં.૨ ની ચર્ચાને લક્ષમાં રાખી, આ કામે મુદ્દા નંબર–૧, ૩, ૪ અને ૫ જોવામાં આવે તો વાદી સંસ્થાએ પ્રતિવાદી પાસેથી રૂા.૭,૨૨,૩૮૮–૪૯/– પૈસા બાકી લેણું નીકળે છે તે સાબિત કરવાનું રહે છે. પરંતુ આ કામે આંક–૩૯, ૪૧ વાળા પુરવણી બીલ જોવામાં આવે તો તે બીલ વીજળી અધિનિયમની કલમ–૧૩૫ અન્વયે વીજચોરીના ગુના માટે આપવામાં આવેલ બીલ છે. આથી સૌ પ્રથમ તો વાદી કંપનીની લેણી રકમ નિકળે છે કે નહિ તે નક્કી થવા માટે વીજ ચોરી સાબિત થવી જરૂરી છે અને આવી વીજચોરીના ગુના અંગે સ્પેશિયલ ઈલેક્ટ્રિસિટી કોર્ટમાં ચાર્જશીટ થતી હોય છે અને કલમ–૧૫૪ મુજબ જો વીજચોરી સાબિત થાય તો કલમ–૧૫૪(૫) મુજબ સ્પેશિયલ કોર્ટ તે વીજચોરીની રકમ પુરતી સિવિલ જવાબદારી નક્કી કરવાની સત્તા ધરાવે છે અને આવી રીતે સ્પેશિયલ કોર્ટ દ્વારા સિવિંલ જવાબદારી નક્કી કરવામા આવે ત્યાર પછી તે મુજબની રકમ

વસૂલ મેળવવા માટેની અરજી સિવિલ કોર્ટનું હુકમનામું હોય તે રીતે વસૂલ મેળવવા માટે અરજી કરવામાં આવતી હોય છે. આ કામે વાદી કંપની તરફે સ્પેશિયલ અદાલતનો એવો કોઈ હુકમ કે જે પ્રતિવાદીની સિવિલ જવાબદારી નક્કી કરતો હોય તેવો હુકમ રજૂ કરેલ નથી. આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ વાદીનો દાવો વીજ અધિનિયમની કલમ–૧૩૫ અને ૧૫૪(૫)ની વિરુદ્ધ હોય, વીજ ચોરી સાબિત થયા વગર સિવિલ લાયબિલિટી નામદાર સ્પેશિયલ કોર્ટના હુકમ વગર વસૂલ કરવાનું કારણ ઉપસ્થિત થતું ના હોય કોઝ ઓફ એક્શનનો બાધ નડતો હોય તથા હાલનો દાવો નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતો કે જે પ્રિસિડેન્ટ હોય, તેનાથી વિપરીત હોય જેથી સદરહું મુદ્દા નં.૧, ૩, ૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. અને મુદ્દા નં.૫ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>//આખરી હુકમ//</u>**

૧. વાદીનો હાલનો દાવો રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના બન્ને પક્ષકારોએ પોતે પોતાના ખર્ચ ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩. હુકમ મુજબ હુકમનામું દોરવું.

સદરહુ ચુકાદો આજરોજ તારીખઃ૩૦, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૩૦/૦૩/૨૦૨૬.
સ્થળઃ ઉપલેટા.

(દેવલ યજ્ઞેશ્વર પટેલ)
પ્રિન્સિપાલ સિવિલ જજ,
ભાયાવદર.
UIC-GJ01515.

Typed by:- A.J.Solanki,
Gujarati Stenographer Grade-3.